અનુસૂચિત જાતિના ખેડૂતોને ખેતીની જમીન
ખરીદવા માટે અપાતી નાણાંકિય સહાયમાં
વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
( સમાજ કલ્યાણ પ્રભાગ )
ઠરાવ નં. એસસીડબલ્યુ-૧૦૯૧-૩૧૯૯-જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૦૪/૧૨/૧૯૯૨

વંચાણે લીધો:-૧. સમાજ કલ્યાણ વિભાગના તા. ૮/૮/૮૬ ના ઠરાવ ક્રમાંક:
એસસીડબલ્યુ/૧૦૮૫/૨૩૩૮/જ.
૨. નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગાંધીનગરના તા. ૧૬/૧૧/૯૧
ના પત્રક્રમાંક: સૂક/તા.સે./૩૨૫/અ.બા./૯૨-૯૩/૬૨૨૪.

ઠ રા વ :-

અનુસૂચિત જાતિના ઘણા લોકો ખેત મજૂરી પર નિર્ભર છે. આ જાતિના લોકો ખેતીની જમીન ઉપલબ્ધ કરીને, જાતે ખેતી કરી; આવકમાં વધારો કરી શકે તે આશય ખેતીની જમીન ખરીદવા માટે આ લોકોને નાણાકીય સહાય આપવાનું આમુખ(૧) માં દર્શાવેલ હુકમોથી ઠરાવવામાં આવેલ છે. પરંતુ, ખેતીની જમીનના ભાવો દિન પ્રતિદિન વધતા ના હોવાથી આ માટે અપાતી નાણાકીય સહાયમાં સુધારો કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાને અંતે ખેતીની જમીન ખરીદવા માટે અપાતી નાણાકીય સહાય અને સહાય મેળવવા માટે નિયત થયેલ આવક મર્યાદામાં સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે:

૨. આ સુધારેલ યોજનાની શરતો નીચે મુજબ રહેશે.

૧. એકર દીઠ ખરીદ કિંમતના ૫૦ % અથવા રૂા. ૫,૦૦૦/- પૈકી બેમાંથી જે રકમ ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની રહેશે. આ ધોરણને આધીન રહીને વધુમાં વધુ રૂા. ૧૦,૦૦૦/- ની સહાય આ યોજના હેઠળ આપવાની રહેશે.

૨. આ યોજનાનો લાભ લેનાર કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૧૧,૦૦૦/- થી વધારે હોવી જોઇએ નહી.

૩. આ યોજનાનો લાભ લાભાર્થી કુટુંબને કે કુટુંબની એક જ વ્યક્તિને ફક્ત

: ૨ :

એક જ વખત મળવાપાત્ર થશે.

૪. આ યોજના હેઠળની સરકારી સહાયથી ખરીદાયેલ જમીન લાભાર્થી વેચી શકશે નહિ.

૫. સરકારી સહાય બાદ કરતા જે લાભાર્થી જમીન ખરીદવા માટે સક્ષમ હોય તેને જ આ લાભ આપવાનો રહે છે.

૩. આ સુધારેલ યોજના માટે ચાલુ વર્ષ એટલે કે ૧૯૯૨-૯૩ ના અંદાજપત્રમાં નવી બાબતથી કરવામાં આવેલ રૂા. ૨.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૪. આ અંગેનુ ખર્ચ '' માગણી નં. ૯૧, ૨૨૨૫ અનુ. જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, અનુ. જાતિઓનુ કલ્યાણ ગૌણ સદર ૧૦૨ આર્થિક ઉત્કર્ષ, પેટા સદર બીસીકે-૪૨ અનુસૂચિત જાતિના ખેડૂતોને ખેતીની જમીન ખરીદવા માટે નાણાકીય સહાય '' હેઠળ મંજૂર થયેલ જોગવાઇમાંથી ઉધારવાનુ રહેશે.

૫. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી, નાણા વિભાગની તા. ૨૧/૯/૯૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ. એમ. જોગાણી )
સેકશન અધિકારી
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
માનનીય મંત્રીશ્રી (સ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માનનીય સંસદીય સચિવશ્રી (સ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ,
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત/વિજા.)
મહાલેખાકારશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (આ. વિ. પ્રભાગ), સચિવાલય, ગાંધીનગર
મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
ક-શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પસંદગી ફાઇલ.
વિભાગની સર્વે શાખાઓ.

ગોદિયા ૨૮/૯/૯૨ ૧૨૩